# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
## (ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
## Shri Govind Guru University
## (Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા ,
જીલ્લો-પંચમહાલ પિન કોડ-૩૮૯૦૦૧

Government Polytechnic Campus,
Gadukpur, Godhra,
Dist. Panchmahals. Pin Code : 389001


નં.એસજીજીયુ/પ્રવેશ/મપસ/શિક્ષણ/૨૦૧૮/૧૭૪૨૨ તા. ૦૨/૦૮/૨૦૧૮

**પરિપત્ર-૫૮૭**

સંદર્ભ : આ યુનિવર્સિટીનો તા.૨૦-૦૭-૨૦૧૮ નો પરિપત્ર-૫૭૬ નં. એસજીજીયુ/મપસ/શિક્ષણ/૨૦૧૮

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી દ્વારા સંદર્ભમાં દર્શિત પરિપત્રથી શિક્ષણ વિદ્યાશાખા હેઠળની બી.એડ્.કોલેજોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૨૦માં સેમેસ્ટર-૧માં પ્રવેશ માટેનું પ્રથમ કામચલાઉ કૉલેજ એલોટમેન્ટ જાહેર કરવામાં આવેલ હતું. જે અનુસાર સંબંધિત વિદ્યાર્થી/વિદ્યાર્થીનીએ રિવાઈઝ્ડ કામચલાઉ પ્રવેશ ફાળવણી પત્ર તેમજ બેંક ચલણની પ્રિન્ટ આઉટ કાઢી, જરૂરી ફી સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાની નજીકની કોઈપણ શાખામાં તા.૧૯/૦૭/૨૦૧૮ થી તા.૨૫/૦૭/૨૦૧૮ સુધીમાં જરૂરી ફી ભરવા તથા ફી ભર્યાની પહોચ સાથે જરૂરી તમામ દસ્તાવેજો કોલેજમાં રૂબરૂ જઈ જમા કરાવી પોતાનો બી.એડ્. પ્રવેશ નિયત તારીખ સુધીમાં સુનિશ્ચિત કરવા જણાવવામાં આવેલ હતું. પરંતુ આ સમય મર્યાદામાં બેંકમાં જરૂરી ફી ભરનાર જે વિદ્યાર્થી/વિદ્યાર્થીની પોતાના વિવિધ કારણોસર તેઓને ફાળવેલ કોલેજમાં પોતાનો પ્રવેશ સુનિશ્ચિત કરાવી શક્યા નથી માત્ર તેવા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને માનનીય કુલપતિશ્રીના આદેશ અનુસાર તેઓને ફાળવેલ કોલેજમાં તા.૦૩/૦૮/૨૦૧૮ સુધીમાં રીપોર્ટીંગ કરવાની અંતિમ તક આપવામાં આવે છે. જે ધ્યાને લઈ સંબધિત વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે. આ સમયમર્યાદા બાદ કોઈપણ વિદ્યાર્થી/વિદ્યાર્થીની આ સંદર્ભની રજૂઆત માન્ય ગણાશે નહિ અને તેમનો પ્રવેશ માટેનો કોઈપણ હકદાવો રહેશે નહી જેની સર્વે સંબંધિતોએ ખાસ નોંધ લેવી.

for કો-ઓર્ડીનેટર
બી.એડ્./એમ.એડ્. મધ્યસ્થ પ્રવેશ સમિતિ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,

- શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૨૦ માટે બી.એડ્. અભ્યાસક્રમ પ્રવેશ માટે અરજી કરનાર તમામ વિધાર્થીઓ.

નકલ રવાના :

- તમામ નોડલ કૉલેજ/સેન્ટરના કન્વીનરશ્રીઓ તરફ જાણ તથા વિધાર્થીઓને જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડવા સારૂ.
- આ યુનિવર્સિટી સંલગ્ન તમામ બી.એડ્. કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.